

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં 'બન્ની મેકિંગ એક્ટિવિટી' યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ ખીલે તે હેતુથી એસ.જી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં બાળકોનું પ્રિય એવું સસલું બનાવવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. દરેક બાળકોએ ખૂબ જ સુંદર મજાના સસલાઓ બનાવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ જૂના મોજા, કપડા, રૂ વગેરેનો ઉપયોગ કરી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાનો સુંદર પ્રયત્ન કર્યો હતો. જેમાં દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સે-૧૩ છાપરામાંથી ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ છાપરામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૬ જુગારીઓને પોલીસે રૂ.૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના ઈન્ચાર્જ પીએસઆઈ ડી.કે.ઠાકોર તેમજ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા.

તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સેકટર-૧૩ છાપરામાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં લાઈટના અજવાળે જુગાર રમી રહેલા ૬ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા.

પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે પકડી પાડેલા જુગારીઓને નામ પુછતા લાલાભાઈ માલાભાઈ ભરવાડ, કનુભાઈ મોમનભાઈ



ભરવાડ, હીરાભાઈ રઘુભાઈ ભરવાડ, વસાભાઈ રત્નાભાઈ ભરવાડ,બચુભાઈ લેખાભાઈ ભરવાડ, પ્રહલાદજી રાયચંદજી ઠાકોર (રહે.તમામ સેકટર-૧૩ છાપરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અનો દાવ પરથી મળી કુલ રૂ.૧૦,૩૭૦ નો મુદ્દમાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દિકરાની સારવાર માટે આવેલા પિતાની રીક્ષા ચોરાઈ

ગાંધીનગર, તા.૧૮

શહેરમાંથી વાહનચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ વાહનચોર ટોળકી માટે પસંદગીનું સ્થાન બની ગયુંછે. ત્યારે સિવિલમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા પ્રકાશમાં આવે છે. ત્યારે તાજેતરમાં તાત્કાલીક વિભાગની સામે પાર્કિંગમાં પાર્ક કરેલી સીએનજી રીક્ષાની ચોરી થવા પામી છે. નારદીપુર ગામથી આઠ માસના દિકરાની સારવાર માટે આવેલા પિતાની રોજગારી છીનવાઈ ગઈ છે.ત્યારે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં વાહનચોરીએ માઝા મુકી છે. પોલીસના કહેવાતા સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ સરળતાથી વાહનચોરી કરી ચોર પલાયન થઈ જાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ચોર શખ્સો માટે વાહનચોરી કરવા માટેની પસંદગીનું સ્થાન બની ગયુંછે. સિવિલમાં સીસીટીવીના અભાવે વાહનચોર બેખૌફ બન્યા છે. ત્યારે ગતરોજ બપોરે નારદીપુર ગામથી આઠ માસના દિકરાની સારવાર માટે આવેલા પિતાએ પોતાની રીક્ષા નં.જી.જે.૧૮.બી.યુ.-૫૬૬૪ તાત્કાલીક વિભાગની સામે જનરલ પાર્કિંગમાં પાર્ક કરી હતી. સિવિલમાં અઢી વાગે બાળકની સારવાર બાદ ફ્રી થયા હતા. ત્યારે પાર્ક કરેલી જગ્યાએ રીક્ષા લેવા જતા ન હતી. જેથી રીક્ષાની શોધખોળ આસપાસના વિસ્તારમાં કરી હતી. પરંતુ રીક્ષા મળી આવી ન હતી. જેથી નરેશ રાવળે રૂ.૧.૮૦ લાખની રીક્ષા ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.પરંતુ બાળકની સારવાર માટે આવેલા પિતાએ રોજગારી ગુમાવતા યુવકની હાલત દયનીય બની હતી.

## સિવિલમાંથી આલમપુરના યુવકના બાઈકની ઉઠાંતરી

આલમપુર ગામના દિનેશ સોલંકી બાઈક નં.જી. જે.૧૮. ડી.એચ.-૦૦૯૨ લઈને સારવાર હેઠળ દાદીમા ને ટીફીન આપવા માટે બપોરે આવ્યો હતો. બાઈક જુની કેન્ટીન પાસે પાર્ક કર્યું હતું. ત્યારબાદ યુવક નવી બિલ્ડીંગ એડમીટ દાદીને ટીફીન આપી થોડીવાર પછી ઘરે જવા માટે નીકળ્યો હતો. ત્યારે પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી ગણતરીના સમયમાં જ બાઈકની ઉઠાંતરી થઈ ગઈ હતી.યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા બાઈક મળી ન આવતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# ગીયોડ પાટીયાથી આઈ-૨૦ કારમાંથી રૂ.૪૮ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના ગીયોડ પાટીયા પાસેથી આઈ-૨૦ કારમાંથી રૂ.૪૮ હજારની વિદેશી દારૂની ૧૨૦ બોટલ સાથે એક શખ્સને ચિલોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે દારૂ, મોબાઈલ, રોકડ તેમજ ગાડી મળી કુલ રૂ.૪.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ વિજયસિંહ તેજુસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક લાલ કલરની આઈ-૨૦ કાર નં.જી.જે.૦૧.આર.પી.-૦૨૮૫ માં વિદેશી દારૂ ભરેલો છે. તે ગાડી હિંમતનગર થી અમદાવાદ તરફ જઈ રહી છે. જેથી ચિલોડા પોલીસે ગીયોડ ગામના પાટીયા પાસે બ્રિજ પાસે વોચ ગોઠવી દીધી હતી. જયારે બાતમી વાળી ગાડી આવતા જ પોલીસે ખાનગી વાહનની આડશ કરી ઉભી રખાવી હતી.







જેના ચાલકનું નામ પુછતા તેણે પોતાનુ નામ રાહુલ શંકરલાલ મનાત (મીણા૦ (હાલ રહે. જય સોમનાથ ફેકટરી પાસે વિપુલભાઈ પટેલની ભાડાની જગ્યામાં લક્ષ્મણભઈ મોડજી અસારીના ગેરેજમાં સરખેજ ગાંધીનગર હાઈ વે ખોરજ ગામ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૧૨૦બોટલ મળી આવી હતી. જયારે પોલીસે દારૂ. કિં.૪૮,૬૨૪, મોબાઈલ નંગ-૧ કિં.૩ હજાર, ગાડી મળી કુલ રૂ.૪,૫૧,૫૨૪ નો મુદ્દામાલ કબ્જે લઈ યુવકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈકોમાં બેસાડી કોન્ટ્રાકટરના રૂ.૫૦ હજાર સેરવી લીધા

## કોન્ટ્રાકટર હિંમતનગર સાઈટ પર મજુરોને પૈસા આપવા માટે નીકળ્યા હતા, પૈસા સેરવી લઈ જેઠીપુરા બ્રીજ પાસે ઉતારી ટોળકી જતી રહી

ગાંધીનગર,તા.૧૮

નાના ચિલોડા રણાસણ સર્કલ થી ઈકો ગાડીમાં બેસાડી કોન્ટ્રાકટરના ખીસ્સામાંથી રૂ.૫૦ હજાર સેરવી લઈ ઠગ ટોળકી જેઠીપુરા બ્રીજ પાસે કોન્ટ્રાકટરને ઉતારી નાસી ગયા હતા. ઓઢવના કોન્ટ્રાકટર હિંમતનગરના બેરણા ગામે ગોકુલધામ સોસાયટીની સાઈટ પર શ્રમિકોને રૂપીયા આપવા માટે જઈ રહ્યા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ ઓઢવ અર્બુદાનગર ખાતે રહેતા પ્રતાપભાઈ ગણેશભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને કોન્ટ્રાકટરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હાલ પ્રતાપભાઈની સાઈટ હિંમતનગરના બેરણા ખાતે ચાલી રહી છે. કોન્ટ્રાકટર ઘરેથી રૂ.૫૦હજાર લઈ હિંમતનગર ખાતે જવા માટે નીકળ્યા હતા. રણાસણ સર્કલની હિંમતનગર જવા માટે ઉભા હતા. તે સમયે ઈકો ગાડીના ચાલકે કોન્ટ્રાકટરને પુછ્યુ કે કયાં જવાનું છે, જેથી હિંમતનગર જવાનું કહેતા આ ગાડી હિંમતનગર જાય છે.જેથી કોન્ટ્રાકટર વચ્ચેની સીટમાં બેસી ગયા હતા. તે આગળની સીટમાં ડ્રાઈવર સાથે એક વ્યકિત હતો. જયારે પાછળની સીટમાં એક ભાઈ અને બહેન બેઠેલા હતા. ત્યારબાદ અન્ય એક ભાઈ આવી કોન્ટ્રાકટરની બાજુમાં બેસી ગયા હતા. જયારે પાછળની સીટમાં સામાન ભરેલો હોવાથી ગાડી હિંમતનગર તરફ જવા માટે નીકળી હતી. મોટા ચિલોડા તરફ ઈકો જઈ રહી હતી તે સમયે સીટમાં ચાર મુસાફર હોવાથી કોન્ટ્રાકટરની બાજુમાં બેઠેલા ભાઈ તમને ફાવતુ નથી તેમ કહી આઘા પાછા થતા હતા. તે સમયે જેઠીપુરા બ્રીજ પાસે ડ્રાઈવર પાસે બેઠેલ વ્યકિત ઉતરી ગયો હતો. થોડી આગળ જઈ ઈકો ગાડી ઉભી રાખી ચાલકે તેમને પાછળ બેસતા ન ફાવતુ હોય તો આગળ આવી જાવ. જેથી કોન્ટ્રાકટ આગળ બેસવા માટે ઈકોમાંથી નીચે ઉતરતા જ ચાલકે ઈકો દોડાવી દીધી હતી. જેથી કોન્ટ્રાકટર પેન્ટના ખિસ્સામાં ચોર ખિસ્સામાં મુકેલા રૂ.૫૦ હજાર સેરવી લી ધા હતા. જયારે પેન્ટનું ખીસ્સુ કપાયેલ હતું. જેથી ઠગ ટોળકીએ મુસાફર તરીકે કોન્ટ્રાકટરને બેસાડી રૂ.૫૦ સેરવી લેતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# જિલ્લાના હજ્જારો નાગરીકોએ શીલાફલકમ સાથે સેલ્ફી લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અન્વયે તા.૯ ઓગસ્ટથી મારી માટી મારો દેશ અભિયાન હેઠળ પ્રથમ દિવસે જ ૧૭૪ અને બીજા દિવસે ૧૧૨ શીલાફલકમ સ્થાપિત કરવાની સાથે માત્ર ૪ દિવસમાં તમામ ૨૮૮ ગ્રામ પંચાયતમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ત્યારે કાર્યક્રમ સ્થળ પરથી જ ૧૬,૨૮૯ નાગરીકોએ શીલાફલકમ સાથે સેલ્ફી ફોટો પાડી સરકારી સાઈટ પર અપલોડ કર્યો હતો.જયારે ૨૧,૩૦૭ નાગરીકોએ પંચ પ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. જયારે ૨૭,૧૦૫ નાગરીકોએ ધ્વજ વંદનમાં હાજરી આપી હતી. તે ઉપરાંત માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ અંતર્ગત ૫૭૦ વીર,વીરાંગના કે તેમના પરિવારને સન્માનિત કર્યા હતા. જિલ્લાના ૩૦૩ ગામમાં વસુધા વંદન કાર્યક્રમ અન્વયે અમૃત વાટીકામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં મારી માટી મારો દેશ અભિયાન અન્વયે ગ્રામ્ય વિસ્તારમાં શીલાફલકમ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. ત્યારે શીલાફલકમ સાથે ૧૬,૨૮૯ નાગરીકોએ સેલ્ફી પાડી અપલોડ કરી દીધી છે. આજે તાલુકા પંચાયતના કાર્યક્રમમાં ગાંધીનગર, દહેગામ, કલોલ, માણસા ખાતે ધારાસભ્યોની હાજરીમાં યોજાયેલ શીલાફલકમ સ્થાપિત કાર્યક્રમમાં પંચ પ્રણ લેવામાં આવ્યા હતા. પંચાતય કક્ષાએ શીલાફલકમ સ્થાપિત કરાયા તે પ્રસંગે ૧૨૦૭ નારીકોએ સેલ્ફી અપલોડ કરી હતી. જયારે ૧૯૪૭ નાગરીકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરમાં ધારાસભ્ય રીટાબેન પટેલ અને દહેગામમાં ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ ખાસ હાજર રહ્યા હતા. ત્યારે જિલ્લામાં વસુધા વંદન કાર્યક્રમ અન્વયે ૨૩,૨૪૭ વૃક્ષોનું વાવેતર કરી તેના ઉછેર માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# G-20 હેલ્થ વર્કિંગ ગ્રુપની બેઠક

## સામાજિક વ્યવહાર પરિવર્તન સંચાર (એસબીસીસી)સેન્ટર અને બી.આઇ. લેબના સ્ટોલની મંત્રી શ્રી માંડવિયા સહિત મહાનુભાવોએ મુલાકાત લીધી

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે G-20 અંતર્ગતની હેલ્થ વર્કિંગ ગ્રુપની બેઠકમાં વિવિધ દેશોના આરોગ્ય મંત્રીશ્રી, ડેલીગેશન અને આરોગ્ય ક્ષેત્રની વૈશ્વિક /નામાંકિત સંસ્થાઓના અગ્રણીઓ સહભાગી બન્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડૉ. મનસુખ માંડવીયા સહિત વિવિધ દેશોના આરોગ્ય મંત્રીશ્રીઓ, યુનિસેફ ભારતના આરોગ્ય ક્ષેત્રના વડા, નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેકટર શ્રી રેમ્યા મોહન સહિત વિવિધ મહાનુભાવોએ એસબીસીસી સેન્ટર અને BILab ના પ્રદર્શન સ્ટોલની ખૂબ જ ઉત્સુકતાથી મુલાકાત લઈ રસપૂર્વક જાણકારી મેળવી પ્રભાવિત થયા હતા. ગુજરાતમાં છેવાડાના વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓનો વ્યાપ વધે અને સામાન્ય લોકો સુધી આરોગ્ય સુવિધા સરળતાથી પહોંચે તે હેતસર નેશનલ હેલ્થ મિશન , અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં સામાજિક



વ્યવહાર પરિવર્તન ટીમની રચના કરવામાં આવી છે.

સાથે લોકોની આરોગ્ય સેવા પ્રાપ્ત કરવા પ્રત્યેની વર્તણુંકોના અભ્યાસ કરવાની પ્રયોગશાળા (ગુજરાત બિહેવિયરલ ઈન્સાઈટ લેબ-BI Lab) કાર્યાન્વિત કરવાની નવતર પહેલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ જીમ્ઝઝ ટીમ દ્વારા ગામડાઓમાં આરોગ્યલક્ષી સમસ્યાઓને હલ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

ગામડાઓમાં આરોગ્યલક્ષી સેવાઓ પ્રત્યેની ગેરમાન્યતા, અંધશ્રદ્ધાને દુર કરી લોકો આરોગ્ય સુવિધાનો લોકો લાભ લે તેવો પ્રયત્ન કરવામાં આવે છે અને તેમાં મળેલ સફળતાઓનો વિશદતાપૂર્ણ અભ્યાસ બિહેવિયરલ ઈનસાઈટ લેબ BI-Lab થકી કરવામાં આવે છે.




શહેરના સેકટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે રાજપૂત સમાજના તેજસ્વી તારલાંઓનો ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

# ભારતને વિશ્વની ફાર્મસી તરીકે ઓળખવામાં આવે છે

ગાંધીનગર,તા.૧૮

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયાના નેતૃત્વમાં ગુજરાતના ગાંધીનગર ખાતે G20 ની હેલ્થ મિનિસ્ટરસT ની ત્રિ-દિવસીય સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના ૭૫ દેશના પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લેવા માટે પધાર્યા છે.




આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, ભારતને વિશ્વની ફાર્મસી તરીકે ઓળખવામાં આવે છે, હવે સમય આવી ગયો છે કે ભારત મેડિકલ ડિવાઈસીસ સેકટરમાં આગેવાની લે અને સસ્તા, ઈનોવેટિવ અને ક્વૉલિટી મેડિકલ ડિવાઈસના ઉત્પાદનમાં અગ્રેસર બને.

G20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકને અનુલક્ષીને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું, "ભારતમાં વિશાળ હેલ્થ વર્કફોર્સ છે અને એ જ ભારતની સોફ્ટ સ્ટ્રેન્થ છે." શ્રી માંડવિયાએ કહ્યું હતું કે ભારતની G20 પ્રેસિડન્સી અંતર્ગત આયોજિત આ સમિટમાં વિશ્વના દેશોને ભારતના સ્વાસ્થ્ય ક્ષેત્રથી થનારા લાભોની જાણકારી, તેને સંબંધિત અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ થઈ રહી છે. પરંપરાગત ઔષધિઓ અંગે પણ આ અંતર્ગત ચર્ચાઓ થઈ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભારતના તબીબી ઉપકરણોના ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ ઈકો-સિસ્ટમના વિકાસ માટે અનેક સંસ્થાઓ કાર્યરત છે.

# શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ક્રાફ્ટવર્કની પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૮-૮-૨૩ને શુક્રવારના દિવસે કાગળમાંથી ઝાડ બનાવવાની ક્રાફ્ટવર્કની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં બાળકોએ અવનવા રંગીન કાગળનો ઉપયોગ કરીને ઝાડ બનાવ્યા હતા.

આ પ્રવૃત્તિનું સમગ્ર આયોજન શાળાના શિક્ષક સાહિલભાઈ દ્વારા કરવામાં આવ્યું અને સાથે સાથે બાળકોને ઝાડ વિશેની પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

# ચિલોડામાં મચ્છર જન્ય રોગને ફેલાતો અટકાવવા દવાનો છંટકાવ કરાયો

ગાંધીનગર,તા.૧૮

ચિલોડા મોટા ગ્રામ્ય વિસ્તાર માં છેલ્લા એક માસથીચોમાસા ની સીઝન થી આકાશી વાદળો ગોરંભરેલા રહેતા મચ્છર જન્ય રોગચાળોનો ઉપદ્રવ વકર્યો હોવાથી મેલેરિયા તાવ શરદી સળેખમ ઉધરસ ડેન્ગ્યુ આંખો આવવી જેવા વાહકજન્ય વાયરસ રોગના ભોગ મોટી સંખ્યામાં નાનામોટા નાગરિકો ને અસર તથા ચિલોડા પંથકના ખાનગી દવાખાના લેબોરેરીમાં વિવિધ ઋતુ જન્ય રોગચાલા ના દર્દી થી ઉભરાઈ રહ્યા છે ત્યારે ચિલોડા ગ્રામપંચાયત અને આરોગ્યતંત્ર દ્વારા મચ્છર જન્ય રોગનાઉપદ્રવ ને અટકાવવા અને અંકુશ માં લેવા જરુર વાળા વિસ્તારમાં તેમજ ગ્રામના મચ્છર જન્ય વિસ્તાર માં તેમજ ડેન્ગ્યુ જેવા વાહકજન્ય વાયરસ ના



રોગને ફેલાતો અટકાવવા ખાસ જનકપુરી સોસાયટી ના રહેણાંક વિસ્તારમાં મશીન દ્વારા ફોગીગ દવાનો છંટકાવ કરવામાં આવ્યો પ્રાંતિયા આરોગ્ય વિભાગ દ્વારા મચ્છર જન્ય રોગ કે ઉપદ્રવ અટકાવવા ખાસ ઝુંબેશ ચલાવી મચ્છર થી ફેલાતો રોગને નાથવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ યોજાયો



ગાંધીનગર,તા.૧૮

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે સ્નેહમિલન સમારોહ તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ કોલેજના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ કોલેજમાં વિતાવેલા દિવસોને ફરી યાદ કરે અને પોતાની શિક્ષણભુમી સાથે કાયમી સંકળાયેલ રહે તેમજ નવા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્રોત બને એ હતો.આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા હાજર રહી વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા તેમજ તેમના ઉજવળ ભવિષ્ય માટે અભિલાષા વ્યક્ત કરી હતી. કોલેજના રજીસ્ટ્રારશ્રી ડો. એમ ડી. પાંડે સરે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં જરૂરી યોગદાન આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. કોલેજમા હાલમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકારવા માટે વિશેષ કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું.